સ્માર્ટ સિટી મ્યુનિ.વહીવટી તંત્રનું મિસમેનેજમેન્ટ

અમદાવાદ ફાયર વિભાગમાં ચીફ ફાયર ઓફિસર સહિત ૨૫૦થી વધુ જગ્યા ખાલી

અમદાવાદ,શનિવાર

સ્માર્ટ સિટી અમદાવાદ મ્યુનિસિપલ વહીવટી તંત્રનું વધુ એક વખત મિસ મેનેજમેન્ટ બહાર આવવા પામ્યુ છે.શહેરમાં ફાયર એન.ઓ.સી.ના મામલે બિલ્ડિંગોમાં ફાયર એન.ઓ.સી.નો અમલ કરાવનારા ફાયર વિભાગના ઈન્ચાર્જ ચીફ ફાયર ઓફિસરને એક વર્ષના કોન્ટ્રાકટ ઉપર રાખવા અંગે મ્યુનિ.બોર્ડની મંજૂરી માટે મુકવામાં આવેલી દરખાસ્ત સત્તાધારી પક્ષે દફતરે કરતા ફાયર વિભાગમાં ચીફ ફાયર ઓફિસર સહિત ૨૫૦ થી વધુ જગ્યા ખાલી હોવાથી ફાયર એન.ઓ.સી.સહિતની કામગીરી ઉપર અસર થવાની સંભાવના વ્યક્ત કરાઈ રહી છે.

ઈન્ચાર્જ ચીફ ફાયર ઓફિસરને એક વર્ષના કોન્ટ્રાકટ ઉપર રાખવાની દરખાસ્ત સત્તાધારી ભાજપ દ્વારા દફતરે કરાઈ

અમદાવાદ શહેરમાં [illegible]

[illegible] ફાયર વિભાગ તરફથી [illegible]

[illegible]

ફાયર વિભાગમાં કઈ કેટેગરીની કેટલી જગ્યા ખાલી?

અમદાવાદ ફાયર વિભાગમાં હાલની પરિસ્થિતિમાં ચીફ ફાયર ઓફિસર અને એડીશનલ ચીફ ફાયર ઓફિસરની એક-એક જગ્યા, ડેપ્યુટી ચીફ ફાયર ઓફિસરની બે જગ્યા,ડીવીઝનલ ચીફ ફાયર ઓફિસરની એક જગ્યા મનીષ મોડને સસ્પેન્ડ કરાયા બાદ ખાલી છે.ઉપરાંત સ્ટેશન ઓફિસરની સાત જગ્યા,સબ ઓફિસરની દસ જગ્યા,ફાયરમેનની ૮૦થી વધુ જગ્યા,જમાદારની ૧૦ જગ્યા, ડ્રાઈવર કમ પમ્પ ઓપરેટરની ૧૧૦થી વધુ જગ્યા,સહાયક ડ્રાઈવરની ૩૦થી વધુ અને ડ્રાઈવર ઈમરજન્સી કેટેગરીની ૩૦ જગ્યા ખાલી છે.વર્કશોપમાં [illegible] વધુ અને અન્ય સ્ટાફમાં ૧૦ થી વધુ કર્મચારીઓની જગ્યા ખાલી છે.

[illegible]